## FAQs :

### ❖ પરીક્ષાનો સમયગાળો

જાહેરાતમાં દર્શાવેલ દરેક કેડરના સિલેબસ પૈકી જે કેડરોમાં ફક્ત MCQ પધ્ધતિનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તેવા કેડરોની પરીક્ષાનો સમય ૦૨ કલાકનો રહેશે. જયારે જે કેડરોમાંMCQ ની સાથે SUBJECTIVE / DESCRIPTIVE નો ઉલ્લેખ કરવામાં આવેલ હોય, એવા કેડરોની પરીક્ષાનો સમય ૦૩ કલાકનો રહેશે.

### ❖ પરીક્ષાનો પ્રકાર

જે કેડરોમાં લેખિત પરીક્ષા દર્શાવેલ છે તે તમામ કેડરોની લેખિત પરીક્ષા ઓફલાઈન (ફીઝીકલ પેપર) માધ્યમ દ્વારા લેવામાં આવશે.

### ❖ અનામત કેટેગરીના ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ

અનામત તેમજ બિનઅનામત વર્ગના ઉમેદવારોને અરજી કરવા માટે વયમર્યાદામાં નીચે દર્શાવ્યા મુજબની છુટછાટ મળવાપાત્ર રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | મુળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો | ૦૫ વર્ષ |
| (૨) | મુળ ગુજરાતના અનામત વર્ગના મહિલા ઉમેદવારો | ૧૦ વર્ષ<br>(મહિલા માટેની ૦૫ વર્ષની છુટછાટ સહિત) |
| (૩) | બિનઅનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | ૦૫ વર્ષ |
| (૪) | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | ૧૦ વર્ષ |

### ❖ સુરત મહાનગરપાલિકા ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને છુટછાટ

સુરત મહાનગરપાલિકા ખાતે પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત અન્વયે સુરત મહાનગરપાલિકામાં રેગ્યુલર પગારધોરણમાં ફરજ બજાવતા કર્મચારી / અધિકારીઓને કોઈ પણ કેડરમાં અરજી કરતા સમયે ઉપલી વયમર્યાદાના નિયમો લાગુ પડશે નહી. પરંતુ, જો કોઈ તાલીમાર્થી / કરારીય ધોરણે / ડેઈલી વેજીસ ધોરણે ફરજ બજાવતા ઉમેદવારને વયમર્યાદાના નિયમો લાગુ પડશે.

### ❖ ઉપલી વયમર્યાદા

સદર જાહેરાતમાં જે કેટેગરીના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તે કેટેગરીના મૂળ ગુજરાતનાં હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. પરંતુ આ વયમર્યાદા કોઈ પણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતા વધવી જોઈએ નહી.

### ❖ વયમર્યાદા અંગેની કટ ઓફ તારીખ

વયમર્યાદા ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધી ગણવામાં આવશે.

### ❖ કોલલેટર અંગેની સ્પષ્ટતા

સુરત મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવનાર લેખિત / મૌખિક / પ્રેકટીકલ પરીક્ષા સમયે અને ડોકયુમેન્ટ વેરીફીકેશન સમયે ઉમેદવારને પાઠવવામાં આવતા કોલલેટર સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે, તેમજ ઉમેદવારને SMS દ્વારા જાણ કરવામાં આવશે. જેથી ઉમેદવારને પોતાનો મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ આઈ.ડી. જાળવી રાખવા જણાવવામાં આવે છે. અન્યથા મોબાઈલ નંબર બદલાયેથી ભવિષ્યમાં ઉમેદવાર પરીક્ષા / ડોકયુમેન્ટ વેરીફીકેશનથી વંચિત રહી જાય તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહી.

❖ દિવ્યાંગ ઉમેદવારો માટે લહિયા(Scribe)ની સુવિધા

દિવ્યાંગ ઉમેદવારો કે જેઓ Blindness, Cerebral Palsy કે Locomotor Disabilities (affecting writing ability) ની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય તેઓને લહિયા ની સુવિધા મળશે. લહિયા માટે ઉમેદવારે પરીક્ષાના ૧૦ દિવસ પહેલા અરજી કરી જાણ કરવાની રહેશે. લહિયાની સુવિધા પરીક્ષા લેનાર સંસ્થા દ્વારા અથવા તો સુરત મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવશે. લહિયા ઉમેદવારને સામાન્ય પરીક્ષાર્થી કરતા દર એક કલાક દીઠ ૨૦ મીનીટ વધારાની મળવાપાત્ર રહેશે.

❖ MCQ માટે વિકલ્પ તથા નેગેટીવ માર્કિંગની સ્પષ્ટતા

MCQ પધ્ધતિથી લેવામાં આવતી પરીક્ષામાં કુલ–૦૪ પ્રકારના વિકલ્પો રહેશે. જેમાં ખોટા જવાબ માટે નેગેટીવ માર્કસ ૧/૩ (૦.૩૩) ની કપાત કરવામાં આવશે. પરંતુ, જો કોઈ ઉમેદવાર દ્વારા કોઈ સવાલ માટે જવાબ આપવા માંગતા ન હોય તો તેવા સંજોગોમાં તેઓએ કોઈ પણ વિકલ્પની પસંદગી કરવાની રહેતી નથી. એક પણ વિકલ્પની પસંદગી ન કર્યેથી માર્કસની કપાત કરવામાં આવશે નહી.

❖ OMR Sheet અંગે સ્પષ્ટતા

લેખિત પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવારની OMR Sheet સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર વ્યકિતગત રીતે પ્રસિધ્ધ કરવામાં આવશે કે જેથી ઉમેદવાર ફકત પોતાની જ OMR Sheet જોઈ શકશે.

❖ Answer Key અંગે સ્પષ્ટતા

OMR Sheet પ્રસિધ્ધ કર્યા બાદ પ્રોવિઝનલ આન્સર કી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. જેના દ્વારા ઉમેદવાર પોતાની OMR Sheet સાથે સરખામણી કરી આન્સરની યોગ્ય ચકાસણી કરી શકશે. ત્યારબાદ, જો ઉમેદવારને કોઈ પ્રશ્ન અથવા જવાબમાં વિસંગતતા જણાય તો વેબસાઈટપર પ્રસિધ્ધ કરવામાં આવેલ નિયત ફોર્મેટમાં વાંધાઓ દિન–૫ માં ફકત ઈ–મેઈલ : recruitment@suratmunicipal.org મારફત રીક્રુટમેન્ટ વિભાગને રજુ કરી શકશે. ત્યારબાદ, સંકલિત થયેલ તમામ વાંધાઓનું નિરાકરણ થયેથી ફાઈનલ આન્સર કી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરી ભરતી પ્રક્રિયા અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

❖ અનુભવ અંગેની પાત્રતા

ઉમેદવારે ડોકયુમેન્ટ વેરીફીકેશન સમયે રજુ કરવામાં આવતા અનુભવનું પ્રમાણપત્ર કેડરને અનુરૂપ અને / અથવા કેડરને લગતી કામગીરીને અનુરૂપ હોવું જરૂરી છે. અનુભવ કેડરને અનુરૂપ ન હોવાથી / વિસંગતતા જણાયેથી ઉમેદવારને ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં અસફળ કરવામાં આવશે.

❖ કોમ્પ્યુટરની જાણકારી

ઉમેદવાર CCC કક્ષાની કોમ્પ્યુટરની જાણકારી ધરાવતા હોવા જોઈશે.

ઉપરાંત, ઉમેદવારે તેઓની નિમણુંક થયેથી ૧ (એક) વર્ષમાં વર્ગ–૧ અને ૨ માટે CCC+પરીક્ષા તેમજ વર્ગ–૩ માટે CCC ની પરીક્ષા સુરત મહાનગરપાલિકાના સા.સ.ઠ.નં.૨૬૭/૨૦૦૮ તા.૨૪–૦૩–૨૦૦૮ થી નિયત કર્યા મુજબની / સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરવામાંઆવેલ સંસ્થા મારફત તેઓની નિમણુંક થયેથી ૧ (એક) વર્ષમાં પાસ કરવાની રહેશે. જેઓએ અગાઉથી આ પરીક્ષાઅથવા રાજય સરકારશ્રી દ્વારા CCCસમકક્ષ માન્ય કરાયેલ ડીગ્રી પાસ કરી હોય અથવા સુરત મહાનગરપાલિકાદ્વારા આપવામાં આવેલ ટ્રેનીંગ લીધી હોય તેઓએ અરજી સાથે પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.